નં:- જીઆઈડીસી/જ.મે./વિતરણ/પોલીસી/૨૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૨૫/૫/૨૦૦૯.

//પરિપત્ર//

વિષયઃ- નિગમની વસાહતોમાં આનુસાંગિક સુવિધાઓ પુરી પાડવાની નિગમની નીતિમાં પુનઃ વિચારણા બાબતે.

સંદર્ભઃ- નિગમનો પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/એચએન્ડએ/ડીવાયએમ/૪૨૬ તા.૩/૧૧/૮૮.

નિગમની જુદી જુદી વસાહતોમાં આનુસાંગિક સુવિધાઓ તા.૩/૧૧/૮૮ ના પરિપત્રમાં જણાવેલ જોગવાઈઓ અને તેમાં વખતોવખત અંશઃત સુધારા કરતાં પરિપત્રો મુજબ ફાળવણી કરવાની નીતિ અમલમાં છે. હાલ સદર પરિપત્રથી પ્રવર્તમાન નીતિ અનુસાર પોલીસ ચોકી/પોલીસ સ્ટેશન માટે ફાળવણી સંબંધી સુવિધા નિગમ તરફથી પુરી પાડવામાં આવે છે.

હાલની પ્રવર્તમાન નીતિ મુજબ પોલીસખાતાના સ્ટાફ માટે તેમજ પોલીસ સ્ટેશન બાંધવા પોલીસખાતાને ૧૦૦૦ ચો.મી. સુધી ફ્રી ઓફ કોસ્ટથી જમીનની ફાળવણી કરવામાં આવે છે અને તેનાથી વધારે જરૂરીયાત હોય તો પોલીસ ખાતાને સંબંધિત ઝોનમાં પ્રવર્તમાન ભાવે ફાળવણી કરવામાં આવે છે. તેમજ મોખરાનો ચાર્જ વસુલ લેવામાં આવતો નથી. પરંતુ વધુમાં વધુ જરૂરીયાત મુજબ ૧૦,૦૦૦ ચો.મી. સુધી ફાળવી શકાય છે.

નિગમની પ્રવર્તમાન પોલીસચોકી/પોલીસ સ્ટેશન માટે ફાળવણી સંબંધી પ્રવર્તમાન નીતિમાં પુનઃ વિચારણા કરવા સારું દરખાસ્ત નિગમની ૪૪૨ મી સભા જે તા.૨/૫/૦૯ નારોજ મળેલ તેમાં રજુ કરવામાં આવેલ. પોલીસ સ્ટેશન/પોલીસ ચોકી બાંધવા અને પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કર્મચારીઓ માટે આવાસ બાંધવા માટેની જમીનની જરૂરીયાત નિગમે વિકસીત કરેલ વસાહતના ક્ષેત્રફળ (સાઈઝ) સાથે સંબંધિત છે તેવી મોટી વિકસીત વસાહતો માટે બધી સુવિધા ધરાવતુ સારું પોલીસ સ્ટેશન સ્થપાય તે નિગમના હીતમાં છે.

ઉપરોક્ત કાર્યસૂચિના અનુસંધાને કરેલ ઠરાવ ક્રમાંક-૪૦/વિતરણ/૪૪૨/૨૦૦૯ થી હાલની પ્રવર્તમાન નીતિમાં નીચે મુજબ સુધારો કરવાનું ઠરાવવામાં આવેલ છે.:-

વસાહતને અનુરૂપ આનુસાંગિક સુવિધાઓમાં પોલીસ ચોકી/પોલીસ સ્ટેશન (પોલીસ આવાસ સહિત) માટેની જમીનની ફાળવણી કરવામાં આવે છે તેમાં નીચે દર્શાવેલ વસાહતોની સાઈઝ પ્રમાણે જમીનની ફાળવણી કરવી.

| ક્રમ | વસાહતનું કદ | ફાળવવાપાત્ર જમીનનો વિસ્તાર (ચો.મી.) | કયા ભાવે જમીન ફાળવવી |
|---|---|---|---|
| ૧ | ૫૦૦ હેકટર સુધી | ૧૦૦૦ | ફ્રી |
| ૨ | ૫૦૧ હેકટર થી ૨૦૦૦ હેકટર સુધી | ૩૦૦૦ | ફ્રી |
| ૩ | ૨૦૦૧ હેકટરથી ૫૦૦૦ હેકટર સુધી | ૭૦૦૦ | ફ્રી |
| ૪ | ૫૦૦૧ હેકટર થી ઉપર | ૧૫૦૦૦ | ફ્રી |

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ના નામ જોગ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.

<u>નકલ રવાના:-</u>
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારું.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારું.

રવાના કર્યું.
મેનેજર (મહેકમ)